# IN THE COURT OF JUDGE, LABOUR COURT AT ,RAJKOT
## Presided Over by P. R. Suthar
## RECO33C-1 LC/212/2024

**આંક : ૧૪**

**અરજદાર** : **શ્રી શેખાવા બાબુભાઈ રામજીભાઈ**
ભીમરાવ નગર/૨૪, આજીડેમ ચોકડી, ભાવનગર રોડ, રાજકોટ.

**વિરુઘ્ઘ**

**સામાવાળા** : **શ્રી મેનેજીંગ ડીરેકટરશ્રી,**
અમુલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,આજી વસાહત, પ્લોટ નં. ૩૩૨–૩૩૩,
જી.આઈ.ડી.સી., રાજકોટ – ૩૬૦ ૦૦૨ .

**હાજર રહયા** :– અરજદાર તરફે : પ્રતિનિધિશ્રી વી. કે. ટીંબડીયા
સામાવાળા તરફે: હાજર થયેલ નથી

**બાબત :–** **ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩(સી)(૧) હેઠળ અરજી.**

**:: હુકમ ::**

(૧) અરજદારની અરજીની વિગત એવી છે કે, અરજદારે મજુર અદાલત રાજકોટ સમક્ષ ઔઘોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ–૩૩ સી(૨) હેઠળ બાકી પગારોની રીકવરી અરજી દાખલ કરેલ હતી જેમાં અત્રેની કોર્ટે **તા.૧૭/૦૧/૨૪** ના રોજ અરજદારના માહે માર્ચ–૨૦૨૩ થી ઓગષ્ટ–૨૦૨૩ ના પગારની રકમ **રૂા.૬૫,પ૨૦/– (અંકે રૂા.પાંસઠ હજાર પાંચસો વીસ પુરા)** અરજી તારીખથી વાર્ષીક ૭%ના સાદા વ્યાજથી તથા અરજી ખર્ચના રૂા.૧,૦૦૦/– અરજદારને સામાવાળાએ ચુકવવાનો હુકમ કરેલ છે. જે હુકમ મુજબની રકમ ચુકવવા સામાવાળાને તા.**૧૯/૦૨/૨૪** ના રજી. એડી. પત્રથી લેખિત રજુઆત કરેલ. જે સામાવાળાને મળી ગયેલ હોવા છતાં હુકમ મુજબની રકમ ચુકવેલ નથી કે હુકમ સામે નામ. ગુજરાતહાઈકોર્ટ સમક્ષ અપીલ કરેલ હોવાનું અરજદારની જાણમાં નથી જે સંજોગોમાં તે હુકમ મુજબની રકમ અરજી કર્યા તારીખથી હુકમ વસુલ થતાં સુધીના વાર્ષિક ૭% સાદા વ્યાજ તથા ખર્ચના રૂા.૧ ,૦૦૦/– મળીને થતી રકમ સામાવાળા અરજદારને ચુકવેલ ન હોય તે રકમનું રેવન્યુ રાહે વસુલાત કરવા પ્રમાણપત્ર કાઢી આપવા માંગણી કરેલ છે.

(૨) સામાવાળાને ઉપરોકત અરજીની નોટીસ આંક–૪ થી કાયદેસર રીતે બજી ગયેલ છે છતાં સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી કે રીપોર્ટ રજુઆત આવેલ નથી. ત્યારે આંક–પ થી અરજદારના પ્રતિનિધિ શ્રીની અરજી અનુસાર સામાવાળાના જવાબનો હકક બંધ કરી સદરહુ કાર્યવાહી આગળ ચલાવવા અરજદારના પુરાવા માટે મુદત નિર્ધારીત કરવામાં આવેલ.

(૩) અરજદાર તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| આંક | માર્ક | દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| ૧૧ | – | અરજદારનુ મૌખિક પુરાવાનુ સરતપાસનુ સોગંદનામુ |
| ૭ | ૩/૧ | રીકવરી અરજી અરજીનો હુકમ, અસલ |
| ૮ | ૩/૨ | હુકમનો અમલ કરવા અંગે મંડળે સામાવાળાને આપેલ રજી.એડીની નોટીસ |
| ૯ | ૩/૩ | નોટીસ અરજી એ.ડી. કર્યાની મની રસીદ |
| ૧૦ | ૩/૪ | નોટીસ મળ્યાની પોસ્ટલ ટ્રેક રીપોર્ટ |

(૪) આ કામે અરજદારે **આંક–૧૧** થી મૌખિક પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ ત્યારબાદ અરજદારના પ્રતિનિધિ શ્રી **આંક–૧૨** થી ઉલટતપાસનો હકક બંધ કરવાની અરજી રજુ કરતાં તે લગત હુકમ અનુસાર મંજુર કરવામાં આવેલ છે અને ત્યારબાદ અરજદાર તરફે **આંક–૧૩** થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે.

જયારે સામાવાળા તરફે રીપોર્ટ રજુઆત અને ઉપસ્થિતના અભાવે સામાવાળાનો પુરાવાનો હકક બંધ થયેલ છે. આમ, સામાવાળા તરફે કોઈ પુરાવા આવેલ નથી.

(પ) અરજદારના વિ.વ.શ્રીએ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, હુકમ મુજબની રકમ સામાવાળાએ આજદિવસ સુધી ચુકવેલ નથી. સામવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કોઈ અપીલ કરેલ હોય, કે અમોને તેની નોટીસ મળેલ નથી. સામાવાળાને રજી.પોસ્ટ એડી થી હુકમની જાણ કરવા છતાં બાકી પગારના નાણા ચુકવેલ નથી. આમ હુકમ મુજબની રકમનું રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અરજ કરેલ છે અને તે રજુ થયેલ પુરાવાથી અરજદાર રીકવરી સર્ટીફીકેટ મેળવવા હકકદાર હોય, અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૬) આ કામના નિર્ણય અર્થે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી આઈ.ડી.એકટની કલમ–૩૩ સી(૨) ની રીકવરી અરજી માં થયેલ હુકમ મુજબની રકમ અને હાલની અરજીનો ખર્ચ મેળવવા હકકદાર છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદાઓના અપાયેલ નિર્ણયો માટેના કારણોની ચર્ચા નીચે મુજબ છે.

(૯) **મુદા નંબર–૧ ::**

**(૯.૧)** આ કામે અરજદાર, આંક–૧૧ થી રજુ સરતપાસ સોગંદનામામાં જણાવેલ છે કે, તેઓ લાંબા સમયથી સામાવાળા અમુલ ઈન્ડ.પ્રા.લી. માં કામદાર તરીકે કામ કરે છે, અરજદારે મજુર અદાલત રાજકોટ સમક્ષ રીકવરી ૩૩–સી(૨) અરજી દાખલ કરેલ હતી જેમાં **તા.૧૭/૦૧/૨૦૨૪** ના રોજ અરજદારના બાકી પગારની રકમ અરજી તારીખથી વાર્ષીક ૭%ના સાદા વ્યાજથી તથા ખર્ચના રૂપિયા ૧,૦૦૦/– અરજદારને સામાવાળાએ ચુકવવાનો અત્રેની અદાલતે હુકમ કરેલ છે. જે હુકમ મુજબની રકમ ચુકવવા સામાવાળાને પત્રથી લેખિત નોટીસ કરેલ. જે સામાવાળાને મળી ગયેલ હોવા છતાં હુકમ મુજબની રકમ ચુકવેલ નથી, તેમ સોગંદ ઉપર જણાવી આ કામે નિ.૩/૧ થી નિ.૩/૪ મુજબના દસ્તાવેજી પુરાવામાં, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ કલમ–૩૩ સી(૨) અન્વયેની અરજીના હુકમની અસલ નિ.૩/૧ થી તેમજ, નિ.૩/૨ થી સામાવાળાને આપેલ નોટીસની નકલ અને નિ.૩/૩ થી રજી. એડી કર્યાની મનીરસીદની નકલ અને નિ.૩/૪ થી સામાવાળાને પાઠવેલ નોટીસનો પોસ્ટલ ટ્રેક રીપોર્ટ રજુ કરેલ છે. હાલના કામમાં સામાવાળા તરફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

**(૯.૨)** ઉપરોકત અરજી તથા સોગંદ ઉપરની જુબાની ધ્યાને લીધી તથા રજુઆતો તેમજ દસ્તાવેજી પુરાવાની હકીકતો ધ્યાને લેતા હાલના કામે અરજદારની ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ કલમ–૩૩ સી(૨) અન્વયેની અરજીના હુકમ મુજબની રકમ સામાવાળા પાસે બાકી લેણી હોવાનું અને સામાવાળાએ રજી.પોસ્ટ એડી પત્રથી માંગણી કરવા છતાં સામાવાળાએ ચુકવેલ ન હોવાનું જણાય આવે છે. હાલના કામે સામાવાળા તરફે સદરહુ હુકમ ને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કે કોઈ સક્ષમ અદાલતમાં પડકારેલ હોય, તેમ જણાતુ નથી. અને મુળ રીકવરી અરજીનો હુકમ કાયમ રહેલ છે અને તે રકમ સામાવાળાએ અરજદારને ચુકવેલ નથી, વળી સામાવાળાએ તેમ હુકમનો અમલ નહી કરતા અરજદારને હાલની અરજીનો ખર્ચ કરવો પડેલ છે. જે સંજોગોમાં હાલની અરજી ખર્ચ સહિત મંજુર કરવા પાત્ર થાય છે જેથી **મુદા નં.૧** નો જવાબ તે રીતે **હકારમાં** ઠરાવી **મુદા નંબર–૨** પરત્વે ઉપરોકત મુદાનો નિર્ણય, કેસની હકીકત, કાયદાકિય જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**૧.** અરજદારશ્રી **શેખાવા બાબુભાઈ શામજીભાઈ**ની આઈ.ડી. એકટની કલમ–૩૩ સી(૧) હેઠળની રીકવરી અરજી આથી નીચેની વિગતે મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદારની સામાવાળા પાસે લેણી નિકળતી રકમ **રૂા.૬૫,૫૨૦/– (અંકે રૂા.પાંસઠ હજાર પાંચસો વીસ પુરા)** મુળ રીકવરી અરજી **તા.૩/૧૦/૨૩** થી રકમ વસુલ થતા સુધીના વાર્ષીક ૭% સાદા વ્યાજ સહીત ની રકમ તથા આઈ.ડી. એકટની કલમ–૩૩ સી(૨) ની મુળ અરજીના કામે થયેલ અરજી ખર્ચના રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) તેમજ હાલની અરજીના ખર્ચના રૂા.૧૦૦૦/– (અંકે રૂા.એકહજાર પુરા) ની રકમ રેવન્યુ રાહે વસુલાત માટે અરજદારની તરફેણમાં અને આ કામના સામાવાળા વિરૂધ્ધ નું રીકવરી સર્ટિફીકેટ આઈ.ડી.એકટની–૧૯૪૭ ની કલમ–૩૩(સી)(૧) હેઠળ કાઢી આપવું અને તુરંત જ વસુલાત માટે સક્ષમ ઓથોરીટીને મોકલી આપવું તેવો આથી હુકમ કરવામાં આવે છે.

**આજરોજ હુકમ તારીખ : ૦૯ મી માહે : એપ્રિલ, સને : ૨૦૨૪ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : રા જ કો ટ.

તારીખ : ૦૯/ ૦૪ / ૨૦૨૪

SBJ

( પી. આર. સુથાર)
પ્રિસાઈડીંગ ઓફીસર
મજુર અદાલત નંબર–૨, રાજકોટ.
GJ01026